# ગાંધીનગર માટે ધનતેરસ બની વિકાસતેરસ

**કેન્દ્રીય ગૃહમંત્રીના હસ્તે ગાંધીનગર શહેર-જિલ્લામાં બે દિવસમાં ૧૩૭૮ કરોડના વિકાસ કામો ૩૧ હજારથી વધુ લાભાર્થીઓને લાભ મળશે : ગાંધીનગરને રાજ્યના પ્રથમ કેરોસીન ફ્રી જિલ્લાનું ગૌરવ અપાવતા ગૃહમંત્રી અમીતભાઈ શાહ : ગુજરાતમાં 'સૌ સુખી તો સુખી આપણે'ના મંત્ર સાથે ગરીબ-વંચિત-પીડીત-શોષિતના સર્વગ્રાહી કલ્યાણની પ્રતિબદ્ધતા સાથે સરકાર કર્તવ્યરત છે : મુખ્યમંત્રી**






ગાંધીનગર, તા. ૨૫

કેન્દ્રીય ગૃહમંત્રી અમીતભાઈ શાહે પોતાના સંસદીય મતક્ષેત્ર ગાંધીનગરમાં એક જ દિવસમાં રૂ. ૫૦૦ કરોડના વિવિધ વિકાસ કામોના લોકાર્પણ-ખાતમુહૂર્ત સંપન્ન કર્યા હતા.

તેમણે તેમના મતક્ષેત્રના દ્વિદિવસીય પ્રવાસ દરમ્યાન કુલ ૧૩૭૮ કરોડના વિકાસકામો અને ૩૨ હજારથી વધુ લાભાર્થીને લાભ મળવના છે તેમ પણ આ પ્રસંગે ઉમેર્યુ હતુ.

તેમણે આ અવસરે ઉજ્વલા યોજના તહેત ગાંધીનગર જિલ્લાની ગ્રામીણ-ગરીબ બહેનોને ઉજ્વલા યોજનાના લાભ આપતા પાટનગરનો રાજ્યના પ્રથમ કેરોસીન ફ્રી જિલ્લાનું ગૌરવ અપાવ્યું હતું.

ગૃહમંત્રીએ સ્પષ્ટપણે જણાવ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશના ગરીબ-ગ્રામીણ પરિવારોના જીવનમાં સુખનો સૂરજ લાવવાની સંકલ્પબદ્ધતા સાથે ઉજ્વલા યોજના, આયુષ્યમાન ભારત, સૌને માટે આવાસ જેવી ગરીબ કલ્યાણ યોજનાઓ સફળતાપૂર્વક પાર પાડી છે.

તેમણે આયુષ્યમાન ભારત યોજના અન્વયે ૫૦૦ જેટલા લાભાર્થીઓને રૂ. પાંચ લાખ સુધીની આરોગ્ય સારવાર વિનામૂલ્યે પૂરી પાડવાનો પણ આરંભ કરાવ્યો હતો.

તેમણે ઉમેર્યુ કે, દેશના ૫૦ કરોડ પરિવારો એવા હતા કે જ્યારે ગંભીર બિમારી આવે ત્યારે પૈસાના અભાવે સારવાર કરાવી શકતા નહોતા અને કોઈને મા/બાપ કે દિકરી/દિકરો ગુમાવવો પડતો હતો. આવા સમયે નરેન્દ્રભાઈ મોદીએ આયુષ્યમાન ભારત યોજના મૂકી. જેમાં રૂ. ૫ લાખની આરોગ્ય સારવાર વિનામૂલ્યે પૂરી પાડવામાં આવી રહી છે.

ગૃહમંત્રીએ તેમના સંસદીય મતક્ષેત્રના હરેક જરૂરતમંદ વ્યક્તિને આયુષ્યમાન ભારતનો લાભ સરળતાએ મળે તે માટે પાટનગર જિલ્લામાં ૧૦ કિ.મી.ના અંતરે આયુષ્યમાન ભારત યોજના સાથે જોડાયેલી હોસ્પિટલ, રૂગ્ણાલયો હોય તેવા આયોજનની નેમ પણ વ્યક્ત કરી હતી.

અમીતભાઈ શાહે કહ્યું કે, પ્રધાનમંત્રીએ ઘર-ઘર શૌચાલય અને ઉજ્જવલા યોજના દ્વારા ધૂમાડામુક્ત રસોઈ ઘરની જે ગરીબલક્ષી યોજના કરી છે તેના પરિણામે ગરીબ-દરિદ્રનારાયણના સ્વાસ્થ્યમાં ૭૦ ટકાનો સુધારો થયો છે.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ગાંધીનગર જિલ્લાના નગરજનો માટે દિપાવલીના પર્વના પ્રારંભની ધનતેરસ વિકાસતેરસ બની છે તેનો હર્ષ વ્યક્ત કર્યો હતો.

તેમણે સ્પષ્ટપણે જણાવ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ અને ગૃહમંત્રી અમીતભાઈના નેતૃત્વમાં ''સર્વજન હિતાય સર્વજન સુખાય''ની સુશાસન ભાવનાની ગુજરાત જ નહિં સમગ્ર દેશના ગરીબ, વંચિત, દરિદ્રનારાયણ, પીડિત-શોષિત જનોને પ્રતીતિ થઈ રહી છે.

મુખ્યમંત્રીએ કહ્યું કે, ગરીબોને સસ્તા દરે પરંતુ ટકાઉ અને સુવિધાયુક્ત પાકા આવાસ મળી રહે તે માટે પ્રધાનમંત્રી આવાસ યોજનામાં ગુજરાતે લીડ લીધી છે અને ૨૦૨૨ પહેલા જ સૌને આવાસનો લક્ષ્યાંક પૂર્ણ કરવો છે. વિજયભાઈ રૂપાણીએ આ

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં ડેન્ગ્યુના કેસો ૨૭૦ના આંકને પાર

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર શહેરમાંથી આજે પણ ડેન્ગ્યુના વધુ ૧૨ કેસ મળી આવ્યા છે. આ આંકડો ૨૭૦ને પણ પાર કરી ગયો છે.

શહેરમાં વધી રહેલા ડેન્ગ્યુના કેસોને પગલે દિપાવલીની એક-બે રજાને બાદ કરતાં તંત્રએ આરોગ્યની કચેરીઓ ખુલ્લી રાખવાનો નિર્ણય કર્યો છે.

## દિવાળીના વેકેશનમાં પણ મેલેરિયાતંત્રની કચેરી કાર્યરત રહેશે

શહેરમાં એન્ટીલારવેલ તેમજ ફોગીંગની કામગીરીને સઘન બનાવવામાં આવી છે. શહેરમાં દીરે ધીરે જે રીતે ઠંડીનું વાતાવરણ જામી રહ્યુ છે તે જોતાં પરિસ્થિતિ ઝડપથી થાળે પડશે તેવો વિશ્વાસ તંત્રના સૂત્રો વ્યક્ત કરી રહ્યા છે.

શહેરમાં ડેન્ગ્યુના કેસોને પગલે ખાનગી દવાખાનાઓમાં પણ ભારે ભીડ જોવા મળી રહી છે. જે કેસો તંત્ર કહી રહ્યુ છે તે માત્ર સરકારી હોસ્પિટલના જ છે.

શહેરમાં ડેન્ગ્યુના કેસોને પગલે સ્વચ્છતા અભિયાન પર પણ તંત્રએ ભાર મુક્યો છે. જો કે વન વિભાગ દ્વારા જંગલી ઘાસના કટીંગમાં ધીમી ગતિ રાખવામાં આવી છે. આને પરિણામે મોલામસીનો ઉપદ્રવ પણ જોવા મળી રહ્યુ છે અને તેની અસર વાહન-ચાલકોને થઈ રહી છે.

શહેરમાં ડેન્ગ્યુના કેસો હજુ નીકળી રહ્યા છે ત્યાં છુટા છવાયા પાણીજન્ય રોગના કેસો પણ સામે આવતાં તંત્રની મુશ્કેલીમાં વધારો થવા પામ્યો છે.

ડેન્ગ્યુના ઉપદ્રવમાં વધારો થતાં આરોગ્ય તંત્ર ભારે ચિંતામાં મુકાયું છે. હજુ વાદળછાયા વાતાવરણને પગલે ડેન્ગ્યુના મચ્છરોનો ઉપદ્રવ વધ્યો છે.

# પ્રધાનમંત્રી મોદી ૩૦મીએ ગાંધીનગર આવશે

ગાંધીનગર, તા. ૨૫

વડાપ્રધાન ૩૦મીએ રાત્રે ગાંધીનગર આવી રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૩૧મીએ કેવડિયા કોલોનીના કાર્યક્રમમાં હાજરી આપવા માટે આવી રહ્યા છે. આજે કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહનો જિલ્લાનો પ્રવાસ સફળ થયાનો સંતોષ તંત્ર લે તે પહેલાં જ ૩૦મીએ વડાપ્રધાન ગાંધીનગર આવી રહ્યાની જાણ થતાં જ તંત્રએ તાબડતોબ બેઠકો અને તૈયારીઓ શરૂ કરી છે.


આજે સાંજે જિલ્લા કલેક્ટરના અધ્યક્ષપદે વડાપ્રધાનની મુલાકાતને લઈ બેઠક પણ સેવાસદન ખાતે યોજવામાં આવી હતી.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ૩૦મીએ મોડી સાંજે વડાપ્રધાન હવાઈમાર્ગે અમદાવાદ આવી મોટર માર્ગે ગાંધીનગર પહોંચશે.

તેઓ રાત્રિ રોકાણ ગાંધીનગર રાજભવન ખાતે કરનાર છે. તેમના આ રાત્રિના રોકાણ દરમ્યાન રાજ્યની રાજકીય સ્થિતિની સમીક્ષા પેટા-ચૂંટણીના પરિણામોના સંદર્ભે અપેક્ષિત નેતાઓની ઉપસ્થિતિમાં યોજાશે તેમ મનાઈ રહ્યુ છે.

વડાપ્રધાન ૩૧મીએ સવારે ગાંધીનગરથી હવાઈ માર્ગે કેવડિયા પહોંચશે અને કેવડિયાના કાર્યક્રમો પતાવી તેઓ વડોદરા મોટર માર્ગે જશે ત્યાંથી તેઓ દિલ્હી જવા રવાના થશે.

## બેસણું



અમારા પરમ પૂજ્ય પિતાશ્રી **ભૂપેન્દ્રભાઈ નવલશંકર પંડ્યાનું** તા. ૨૪/૧૦/૨૦૧૯ના રોજ દેવલોક પામ્યા છે. **સદ્‌ગતનું બેસણું તા. ૨૬/૧૦/૨૦૧૯ને શનિવારના રોજ સવારે ૯ થી ૧૧ કલાકે** અમારા નિવાસસ્થાને રાખેલ છે.

**નિવાસસ્થાન : પ્લોટ નં. ૯૭૫/૧, સેક્ટર-૨/સી, ગાંધીનગર**

**હિરલ બી. પંડ્યા ● કેતન બી. પંડ્યા ● ધ્યેય એચ. પંડ્યા**

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

## આપણો દુશ્મન આપણા જ ઘરમાં થોડી કાળજી લો ડેન્ગ્યુથી બચો

- ઘરમાં પાણી ભરેલા પાત્રો ચકાસી તેમાં મચ્છરોના પોરા જોવા મળે કે તરત જ ખાલી કરો...
- મનીપ્લાન્ટના કુંજા, ફ્રિઝની ટ્રે, છોડના કુંડા/કુંડાની ટ્રે વિગેરે જેવા પાણી સંગ્રહીત થતા પાત્રોને ખાલી કરો..
- વરસાદ ના કારણે ધાબા પર પાણી ભરાયેલા હોય કે કાટમાળ, ટાયરો, કે જેમાં પાણી ભરાયેલા હોય તે સ્થાનો સાફ કરો...
- એડીસ (ડેન્ગ્યુ અને ચિકનગુનિયાના ફેલાવા માટે જવાબદાર મચ્છર) ૭-૧૦ દિવસમાં ઈંડામાંથી વિકસે છે. જો આપણે અઠવાડિયામાં એક વખત પાણીના કન્ટેનર (કૂલર, ફૂલદાની, રેફ્રીજરેટરની નીચેની ટ્રે, પક્ષીઓ અને પ્રાણીઓ માટેના પાણી ભરેલા માટીના વાસણો અને અન્ય પાણીનાં કન્ટેનર) સાફ કરીએ તો આપણે એડીસના સંવર્ધનને રોકી શકીએ છીએ અને આમ ડેન્ગ્યુ અને ચિકુનગુનિયા અટકાવીએ.
- કન્સ્ટ્રકશન સાઈટ અને તેની આજુબાજુ ભરાઈ રહેતા પાણીમાં દર અઠવાડીયે બળેલા ઓઈલનો છંટકાવ કરવો.
- આપના ફ્લેટ કે બંગલાઓના બેઝમેન્ટ, ધાબામાં, ફુવારા વગેરે જગ્યાઓમાં પાણી ન ભરાય તેની તકેદારી રાખવી.
- શુક્રવાર શુષ્ક દિવસ તરીકે ઉજવણી કરીને આપણે આ પ્રવૃત્તિ માટે એક દિવસ માટે આપણી જાતને સમર્પિત કરી શકીએ અને આપણા ઘરો, ફ્લેટો, સોસાયટીઓ, સરકારી કચેરીઓ, આંગણવાડી, શાળા, કોલેજો, યુનિવર્સિટીઓમાં પડેલ નકામો પ્લાસ્ટીક ભંગારનો નાશ કરી ડેન્ગ્યુ નો ફેલાવો અટકાવામા યોગદાન આપી અને મારાથી જ શરૂવાત એવી ખાતરી આપીએ

આપણા એક સ્વપ્ન તરફના નાના પ્રયત્નો દ્વારા આપણે મળીને ગાંધીનગરમાં ડેન્ગ્યુ અને ચિકનગુનિયાને રોકી શકીએ.

"ડેન્ગ્યુ મુક્ત ગાંધીનગર"

મેલેરિયા શાખા

જિલ્લા પંચાયત ગાંધીનગર

# સતત બીજા વર્ષે હેપ્પી ધનતેરસે દિપડો આખરે પાંજરામાં પુરાયો

**ગત ધનતેરસે નવા સચિવાલયમાં દિપડો ઘુસી જતા દોડધામ મચી હતી : અંબોડના જંગલમાં છેલ્લા ઘણાં સમયથી આંટા મારતો શિકારી દિપડો આખરે પાંજરામાં કેદ કરાયો : ચાર વર્ષના દિપડાને વનચેતના કેન્દ્રમાં રખાયો : દિપડાની તંદુરસ્તીની પણ ચકાસણી કરાઇ : રેન્જ ફોરેસ્ટ ઓફિસર ભરત દેસાઇ સહીત વનતંત્રની ટીમ ઘણાં સમયથી દિપડાને કેદ કરવા પ્રયાસરૂપ હતી આખરે સફળતા મળી**



સતત બીજા વર્ષે ધનતેરસના દિવસે દિપડાને વનતંત્રએ પાંજરામાં કેદ કરી આજે નિરાંત અનુભવી હતી. ગત ધનતેરસે નવા સચિવાલય સંકુલમાં ઘુસી ગયેલા દિપડાને મહામહેનતે પાંજરામાં પુરવામાં આવ્યો હતો. જયારે અંબોડના જંગલમાં છેલ્લા ઘણાં સમયથી વનતંત્રને કસરત કરાવતા દિપડો આજે મારણથી લલચાઈને પાંજરામાં પુરાઈ ગયો હતો. વનતંત્રએ થોડા દિવસો અગાઉ દોલારાણા વાસણામાંથી પણ દિપડાને પકડયો હતો. જયારે બીજો દિપડાની શિકારી હરકત ધ્યાને આવતા એલર્ટ થયેલા વનતંત્રએ ફરી ટીમને કામે લગાડી હતી. જયારે આજે અંબોડના જંગલમાંથી આ દિપડાને પાંજરામાં પુરીને વનચેતના કેન્દ્ર ખાતે લઈ જવાયો હતો. ચાર વર્ષનો આ દિપડો તંદુરસ્ત છે.

ગાંધીનગરના નદી કીનારાના ગામોમાં છેલ્લા એક વર્ષથી દિપડાનો આતંક વધી રહ્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

# ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી દિલીપ પરીખનું નિધન

અમદાવાદ, તા. ૨૫

ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી દિલીપ પારેખનું લાંબી માંદગી બાદ આજે અવસાન થયું હતું. એક ખાનગી હોસ્પિટલમાં તેમનું અવસાન થયું હતું. તેઓ ૮૨ વર્ષના હતા. પરિવારના સભ્યો તરફથી આ અંગેની માહિતી આપવામાં આવી છે. દિલીપ પારેખ ઓક્ટોબર ૧૯૯૭ અને માર્ચ ૧૯૯૮ની વચ્ચે રાજ્યના ૧૩માં મુખ્યમંત્રી બન્યા હતા. તે વખતે તેઓ શંકરસિંહ વાઘેલા દ્વારા રચવામાં આવેલી રાષ્ટ્રીય જનતા પાર્ટીની તેઓ સાથે હતા.

**વડાપ્રધાન મોદી, રૂપાણીએ દુઃખ વ્યક્ત કર્યુ : દિલીપ પરીખ છેલ્લા ઘણા સમયથી બિમાર હતા**



● અનુસંધાન પાન-૭ પર

વિશાલ પંડ્યા (મો) ૯૮૨૪૦ ૫૯૬૩૫
કનૈયાલાલ પંડ્યા (મો) ૯૪૨૮૨ ૧૭૫૫૭
પ્રોડક્શન કંપનીના ભાવે
આકર્ષક લગ્ન કંકોત્રી
મેળવવાનું એક માત્ર સ્થળ
ૐકાર ગ્રાફીક્સ & ઝેરોક્ષ
બી-૬, બેઝમેન્ટ, શ્રીનાથ કોમ્પ્લેક્ષ, ૧૭/૨૨ બસ સ્ટેન્ડ પાસે, સેક્ટર - ૨૨, ગાંધીનગર

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com